**Gujarat Industrial Development Corporation**
(A Govt. of Gujarat Undertaking)
**Notice for e-Auction**
Ahmedabad-II Region

GIDC દ્વારા સ્થાપવા માં આવેલ **સાણંદ-૨ ઔદ્યોગિક વસાહત જિ. અમદાવાદ**માં આવેલા વિવિધ વાણિજ્ય પ્લોટ ની જાહેર ઈ-હરાજી કરવામાં આવનાર છે. ઇચ્છુક ઉદ્યોગ સાહસિકો **તા. ૦૪/૧૨/૨૦૨૫** થી **તા.૧૭/૧૨/૨૦૨૫** સુધી રજીસ્ટ્રેશન કરી લાભ મેળવી શકશે. જેની વિગતો નીચે મુજબ છે.

| Sr. No. | Property Type | Purpose | Property No. | Plot Area (Sq.mt) | Base Price (Per Sq. mtr) | EMD 5% of base price | Location | Auction Date & Time |
|---|---|---|---|---|---|---|---|---|
| **Sanand-II Industrial Estate** | | | | | | | | |
| 1 | Comm. Plot | 3 Star /4 Star/ 5 Star Hotel | SM-39/5 | 20,168.54 (Tentative) | 10600.00 | 1,06,89,326/- | 23°00'21.5"N 72°14'59.6"E | 22/12/2025 11:00 a.m. |
| **Sr. No.** | **Property Type** | **Purpose** | **Property No.** | **Plot Area (Sq.mt)** | **Base Price (Per Sq. mtr)** | **EMD 25% of base price** | **Location** | **Auction Date & Time** |
| **Sanand-II Industrial Estate** | | | | | | | | |
| 2 | Comm. Plot | Commercial | E-429 | 4944.37 | 16000.00 | 1,97,77,480/- | 22°58'17"N 72°16'59"E | 22/12/2025 11:30 a.m. |
| 3 | Comm. Plot | Commercial | E-435 | 4944.37 | 17000.00 | 2,10,13,573/- | 22°58'17"N 72°16'47"E | 22/12/2025 12:00 p.m. |
| 4 | Comm. Plot | Commercial | E-550 | 8979.82 | 15000.00 | 3,36,74,325/- | 22°59'02"N 72°17'15"E | 22/12/2025 12:30 p.m. |
| 5 | Comm. Plot | Commercial | PE-66 | 2626.12 | 18000.00 | 1,18,17,540/- | 22°59'06"N 72°17'01"E | 22/12/2025 01:00 p.m. |

**જરૂરી સૂચના:**

- ઈ -ઓક્શન માં ભાગ લેવા માટે સૌ પ્રથમ ઈ -ઓક્શન પોર્ટલ https://e-auction.nprocure.com વેબ સાઈટ ઉપર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- ઈ -ઓક્શન માટે રજીસ્ટ્રેશન, અર્નેસ્ટ મની ડિપોઝીટ ( EMD ) તથા વહીવટી ફી ભરવાની અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાની સમય મર્યાદા **તા.૦૪/૧૨/૨૦૨૫ થી તા. ૧૭/૧૨/૨૦૨૫** છે.
- ઈ-ઓક્શન અન્વયે ની સમયમર્યાદા તેમજ અન્ય વિગતો https://e-auction.nprocure.com વેબસાઈટ તેમજ નિગમની વેબસાઈટ www.gidc.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.
- જેટલા પ્લોટ માટે બીડ કરવું હોય તે તમામ પ્લોટ માટે અર્નેસ્ટ મની ડિપોઝીટ ( EMD ) તથા વહીવટી ફી રૂ 1180/- દરેક પ્લોટ ની અલગ ભરવાની રહેશે. ઈ-ઓક્શન ને લગતા માંગેલ દસ્તાવેજો ઈ-ઓક્શન પોર્ટલ ઉપર અપલોડ કરવાના રહેશે.
- અર્નેસ્ટ મની ડિપોઝીટ ( EMD ) અને વહીવટી ફી ભરેલ હોઈ તેમજ ઓક્શન ને લગતા માંગેલ દસ્તાવેજો ઈ -ઓક્શન પોર્ટલ ઉપર અપલોડ કરેલ હોઈ તેવા જ અરજદારો બીડ કરવા માટે પાત્રતા ધરાવશે. બીડ પ્રક્રિયા પ્લોટની સામે દર્શાવેલ તારીખ અને સમય પ્રમાણે ચાલુ થશે.
- આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ ઈ -ઓક્શન ને લગત સુધારા વધારા કરી શકશે. તે અંગે ની જાણ ઈ -ઓક્શન પોર્ટલ https://e-auction.nprocure.com તેમજ નિગમ ની વેબ સાઈટ www.gidc.gujarat.gov.in , ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે.
- ઈ -ઓક્શન દ્વારા ફાળવણી " As is where is basis " ઉપર છે. પ્લોટ ને લગત તમામ પાસા ચકાસ્યા બાદ જ બીડ કરવું.
- "કોમર્શિઅલ" પ્રકાર માં પ્લોટ માટે સરકારશ્રી ના નિયમોનુસાર પ્લોટ ની રકમ ઉપર GST અલગ થી ભરવાનો રહેશે.
- બીડ સ્વીકારવા કે નકારવા અંગે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ નો નિર્ણય આખરી રહશે.
- ફાળવણીપત્ર માં દર્શાવેલ શરતો નિગમના નિયમોનુસાર અરજદારને બંધનકર્તા રહેશે.
- ઈ –ઓક્શન અન્વયે કોઈ પ્રશ્ન કે સમસ્યા નિવારણ માટે નિગમની પ્રાદેશિક મેનેજરશ્રી, સાણંદ–૨, કચેરી નો સંપર્ક કરવો. સંપર્ક વિગતો નીચે પ્રમાણે છે.

**O/o. Regional Manager, GIDC Office, Plot No.SM/39/1, Shiyavada Cross Road,**
**Opp. Ford Motors, Sanand-II, Ahmedabad. Email : rmahd2@gidcgujarat.org**

**<u>અગત્યની સુચના :</u>**

- ટેન્ડરની લગતી કોઇપણ કવેરી અત્રેની કચેરીને મળ્યેથી પ્રી-બીડ મિટીંગનું આયોજન કરવામાં આવશે.
- બિડર્સ/અરજદારો માટે લાયકાત માપદંડ અને શરતો ની વિગતવાર માહિતી **નિગમની વેબ સાઈટ** **www.gidc.gujarat.gov.in** ઉપર ઉપલબ્ધ છે.

**સહી/-**
**પ્રાદેશિક મેનેજર**
**જીઆઈડીસી, અમદાવાદ-૨**

# Annexure-A

# Details of existing firm and proposed project in GIDC

1. Details of activity (Industrial/Commercial)

2. Name of product

| | |
|---|---|
| Raw material | |
| Finish Product | |
| Machinery details | |

3. Water Requirement in KL (per Day) (Industrial)

4. Water requirement in KL (Per Day) (Domestic)

5. Effluent quantity in KL(Per Day)

6. Solid waste in KG. (Per Day)

7. Total turnover of last 3 years (Existing Firm)

| Sr. No. | Year | Amount in Rs. |
|---|---|---|
| 1 | | |
| 2 | | |
| 3 | | |

8. Total investment in Rupees

9. Total Proposed employment

Signature of Authorized person
(Name and Designation)

(જરૂરી રકમના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું, નોટરાઇઝડ)

# <u>બાહેંધરી તથા એકરારનામું</u>

આથી હું/અમો નીચે સહી કરનાર (ઓફરદારનું પૂરું નામ)..................................................... સરનામું ....................................................................................................................... ....................................................................................................................................... ટેલિફોન નં..................................... મોબાઇલ નં................................................. ફેકસ નંબર.....................................................મે.......................................................................... માં હોદ્દો ..............................................................ની રૂએ ટેન્ડર નંબર ................................ માં ઓનલાઇન ઓફર/બીડ અંકે રૂા.................................. (શબ્દોમાં ...................................... ............................................ ઓફર આપેલ છે. તથા ટેન્ડર ફોર્મમાં જણાવેલ ઇ-ટેન્ડર કમ ઇ-ઓકશનની શરતો તથા ટેન્ડર સાઇટોની શરતોને લગતી તમામ સૂચનાઓ તથા ટેન્ડરની તમામ શરતો, નિયમો સહિતની બાબતો અમોએ પૂરેપૂરી વાંચી, સમજી, વિચારી અને ચકાસી છે. જે અમોને કબૂલ મંજૂર છે. સદરહુ ટેન્ડરની તમામ શરતો પ્રમાણે વર્તવાની તથા જણાવ્યા મુજબના નિયમોનુસારનાં ચૂકવણાં સમયસર કરવા સહિતની અમો બંધનકર્તા હોવાની સોગંદપૂર્વક બાહેંધરી આપીએ છીએ.

સહી કરનારનું નામ તથા હોદ્દો :-..............................................
સંસ્થાનું નામ અને સિકકો: :-..............................................

સંસ્થાનું સરનામું/ સિકકો :-..............................................

તારીખ:-

(રૂ.૩૦૦.૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર)

-: **ઓનલાઇન ઇ-ટેન્ડર-કમ-ઇ-ઓકશનની શરતો (ભાગ-૧)** ::-

**ટેન્ડર નં..|**

૧. ઇ-ટેન્ડર કમ ઇ-ઓકશનમાં ભાગ લેવા માટે વેબ-સાઇટ https://e-auction.nprocure.com/ પર સૌ પ્રથમ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જો અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ હોય, તો ફરીથી કરાવવાનું રહેશે નહીં. ત્યાર બાદ જ સદર વેબસાઇટ મારફતે (https://e- auction.nprocure.com/) ઇ-ઓકશનમાં ભાગ લેવાની કાર્યવાહી કરવાની રહેશે.

૨. નિગમની નીતિ પ્રમાણે વહીવટી ચાર્જ તેમજ ઇ.એમ.ડી. ભરેલ નહિ હોય તેવું ટેન્ડર ગ્રાહય રાખવા પાત્ર રહેશે નહીં, જેથી ઇ-ઓકશનમાં ભાગ લઇ શકાશે નહી.

૩. રજિસ્ટ્રેશનની ઓન લાઇન પ્રક્રીયામાં ટેન્ડરર ધ્વારા અપાયેલ મોબાઇલ નંબર તથા ઇ-મેઇલ એડ્રેસ રજીસ્ટર્ડ મોબાઇલ નંબર તથા રજીસ્ટર્ડ ઇ-મેઇલ એડ્રેસ તરીકે રહેશે. કોમ્પ્યુટર જનરેટેડ પત્રોને કે સંદેશાઓને પત્ર-વ્યવહાર તરીકે ગણવાના રહેશે. આવા રજીસ્ટર થયેલ મોબાઇલ નંબર કે ઇ-મેઇલ એડ્રેસમાં ફેરફાર કરવામાં આવે તો તેની જાણ કરવાની તથા જી.આઇ.ડી.સી.માં અપડેશન કરાવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.

૪. ઇ-ઓકશન મોડયુઅલ અંતર્ગતના તમામ સ્ટેજમાં ચુસ્તપણે તારીખ તથા સમયનું પાલન કરવાનું રહેશે.

૫. ઇ-ઓકશન માટે ટેન્ડરર ધ્વારા રજીટેશન કર્યા બાદ વહીવટી ચાર્જ તેમજ EMD ની રકમ ભરપાઇ કરવાની રહેશે. જેમના ધ્વારા જે-તે મિલકતનો વહીવટી ચાર્જ તેમજ EMD ની રકમ ભરપાઇ કરેલ હશે તેઓ નિયત તારીખ અને સમયે જાહેર હરાજીમાં ભાગ લઇ શકશે. જાહેરાતમાં દર્શાવેલ તારીખથી રજીસ્ટ્રેશન પ્રક્રીયા ચાલુ થઇ જશે.

૬. ટેન્ડર ભરવાની સમય મર્યાદામાં અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD)ની રકમો કેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ અને નેટ બેન્કીંગથી માત્ર ઓનલાઇન પેમેન્ટથી ભરપાઇ કરી શકાશે.

૭. ઇ-ઓકશન અંગે માંગ્યા મુજબની વિગતો ઓનલાઇન ભરી ડોકયુમેન્ટ સહિત ટેકનીકલ બિડ સમય મર્યાદામાં વેબસાઇટ પર અપલોડ કરવાના રહેશે.

૮. દરેક મિલકત માટે ઇ-ઓકશનનો સમયગાળો ૧૫ મીનીટ રહેશે. એટલે કે જાહેરાતમાં દર્શાવેલ તારીખ અને સમયે ઇ-ઓકશનની પ્રક્રીયા શરૂ થઇ જશે. ઇ-ઓકશનની પ્રક્રીયા દરમ્યાન આખરી ૦૫ મીનીટમાં જો કોઇ બીડ મળશે તો ઓકશનનો સમયગાળો વધુ ૦૫ મીનીટ માટે લંબાઇ જશે. આવુ મહત્તમ ૦૩ વખત થઇ શકશે. ત્યારબાદ ઇ-ઓકશન કલોઝ કરવામાં આવશે.

૯. ઓફરદારે ટેન્ડરના સંદર્ભે ધંધાકીય બાબતો અંગે નીચે જણાવ્યા સહિતના જરૂરી પૂરાવા રજુ કરવાના રહેશે.

૧૦. જે બિડરોએ ઇ-ઓકશનમાં ભાગ લેવા માટે વહીવટી ચાર્જ તથા ઇ.એમ.ડી.ની રકમો ભરેલ હશે, પરંતુ જો તે બિડરો ધ્વારા ઇ-ઓકશનીંગ શરૂ થાય ત્યારે મિનીમમ ઓફર પ્રાઇસ મુજબની લઘુત્તમ વધારા સહિતની પ્રથમ બિડ ભરાશે નહિં, તો તે બિડ પ્રોસેસમાં કરવામાં આવશે નહીં.

૧૧. જે તે ટેન્ડરમાં મિનીમમ ઓફર પ્રાઇઝ ઉપર ઇ-ઓકશન દરમ્યાન બોલી/ઓકશન તરીકે પ્રત્યેક વખતે જાહેરાત મુજબ જે તે ટેન્ડરના નિયત કરેલ લઘુત્તમ વધારા સાથે કે તેના ગુણાંકમાં બોલીની રકમ બિડ કરવાની રહેશે.

૧૨. ઇ-ઓકશનની પ્રક્રીયા દરમ્યાન બિડ પ્રક્રીયામાં ભાગ લેતા કોઇપણ બિડરનું નામ ડિસ્કલોઝ (જાહેર) થશે નહિં. માત્ર જે તે બિડર પોતે જ તે બિડમાં હાઇએસ્ટ બિડર હોવાનું પોતાના લોગ-ઇનમાં જાણી શકશે.

૧૩. ઓનલાઇન ઓકશનની પ્રક્રીયા સર્વર રિસ્પોન્સ ટાઇમ, ઇન્ટરનેટ સ્પીડ, સિસ્ટમ કેપેસીટી, વગેરેને આધારિત હોઇ, બિડીંગ કરવા માટે બિડીંગ પૂર્ણ થવાની છેલ્લી મિનિટ સુધી રાહ જોવી હિતાવહ નથી. દરેક વખતે બિડ કરતા અગાઉ વેબ પેજ રિફ્રેશ કરવુ હિતાવહ છે. છેલ્લી મિનિટમાં કરવામાં બિડીંગ ને લીધે જો કોઈ પ્રશ્નો ઉદભવે તો આ બાબતે જી.આઇ.ડી.સી.નો નિર્ણય સર્વમાન્ય ગણાશે.

૧૪. ઇ-ઓકશનના અંતે જે તે ટેન્ડરમાં આવેલ મહત્તમ ઓફરની સક્ષમ સત્તાની મંજૂરી અંગે આગળની કાર્યવાહી કરવામાં આવશે અને જરૂરી ફાળવણીપત્ર જારી કરવામાં આવશે. જેમાં હાઇએસ્ટ બિડરે અપલોડ કરેલ ડોકયુમેન્ટ તથા OCA મુજબના દસ્તાવેજો સેલ્ફ એટેસ્ટેડ કરી ટેન્ડર ડોકયુમેન્ટમાં સૂચવેલ જગ્યાએ પોતાના નામ, સહી, હોદ્દો તથા સિકકા સાથેની હાર્ડ કોપી દિન-૩૦ માં પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, જીઆઇડીસી ખાતે રજ કરવાની રહેશે બિડર ધ્વારા ટેન્ડર કમ ઓકશનમાં ભાવ આપ્યા બાદ ટેન્ડરની સમયમર્યાદા પૂર્ણ થતાં સુધીના કોઇ પણ તબકકે પોતાના ભાવ પરત ખેંચી શકશે નહીં. બિડર ધ્વારા માંગણી મુજબના ડોકયુમેન્ટસ તેમજ ફાળવણીપત્રમાં દર્શાવેલ શરતોની પૂર્તતા સમયમર્યાદામાં રજૂ કરવામાં નહીં આવે તો. હાઇએસ્ટ બિડરને ડિસકવોલીફાઇડ બિડર તરીકે જાહેર કરવામાં આવશે તેમજ તેના ધ્વારા ભરપાઇ કરવામાં આવેલ ઇએમડીની રકમ જપ્ત કરવામાં આવશે.

૧૫. ટેન્ડરમાં માત્ર એક જ બિડર ધ્વારા સિંગલ બિડ ભરી સિંગલ ઓફર આપવાના સંજોગોમાં તેમજ ટેન્ડરમાં એક કરતાં વધુ બિડ ભરવામાં આવેલ હોવા છતાં માત્ર એક જ બિડર ધ્વારા આપવામાં આવેલ ઓફરના સંજોગોમાં ટેન્ડર ગ્રાહય રાખવા અંગે માન.ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી, જી.આઇ.ડી.સી.નો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૧૬. મિલકતની ફાળવણી કરવા અંગેની સક્ષમ સત્તાની મંજૂરી મળ્યા બાદ, ટેન્ડરરને મંજૂર કરેલ રકમ મુજબની જારી થયેલ ફાળવણીપત્રની સદરહુ રકમો નિયત સમયમાં ભરવામાં આવશે તો પણ અત્રેથી નકકી કરેલ મદત મુજબ જ પરવાના પત્ર માન્ય ગણવાનો રહેશે. તેમજ આ સમય દરમ્યાન ઓકરદાર સાઇટ ઉપર કોઇ પણ પ્રકારે જાહેરાત કરી શકશે નહીં. આ ઉપરાંત ટેન્ડરર ધ્વારા ચાલુ ટેન્ડરની મુદત પૂર્ણ થાય તે પહેલાં ટેન્ડર છોડી દેવામાં આવશે તો તે ટેન્ડરરને ડીસ્કવોલીફાઇડ ગણવામાં આવશે.

૧૭. ઇ-ઓકશનમાં આવેલ બિડરો પૈકી પ્રથમ હાઇએસ્ટ બિડરની અર્નેસ્ટ મની ડીપોઝીટ સિવાયની મળેલ અન્ય બીડ માટે ઇ.એમ.ડી.ની રકમ સક્ષમ કક્ષાએથી મંજૂરી મળ્યા બાદ પરત કરવામાં આવશે.

૧૮. ઇ-ટેન્ડર કમ ઇ-ઓકશન અંગે કે તે બાદ કોઇપણ વાદ વિવાદ કે પ્રશ્નો ઉભા થશે કે કોઇ વિસંગતતા જણાઇ આવશે તો તે અંગે સક્ષમ સત્તાનો નિર્ણય/અર્થઘટન આખરી અને બંધનકર્તા રહેશે. ટેન્ડર સ્વીકારવું કે ન સ્વીકારવું તે જી.આઇ.ડી.સી.ની મુનસુફી પર નિર્ભર રહેશે.

૧૯. જીઆઇડીસીમાં કોઇ પણ પ્રકારની ડીપોઝીટ/ઇ.એમ.ડી. ઉપર કોઇ જ વ્યાજ મળવાપાત્ર રહેશે નહીં.

૨૦. નિગમ દ્વારા મંજુર થયેલ સફળ બિડર ને નિયમોનુસાર ફાળવણી પત્ર જારી કરવામાં આવશે. અનામત પેટે જમા થયેલ ઈએમડી રકમ બાદ કરતા બાકી રહેતી તમામ રકમ એકસાથે ફા.પત્રમાં જણાવેલ સમયમર્યાદામાં ભરપાઈ કરવાની રહેશે. જો આમ કરવામાં તેઓ નિષ્ફળ જશે તો નિગમના નિતી નિયમોનુસાર જમા થયેલ ઈએમડી રકમ નિગમ દ્વારા જપ્ત કરવામાં આવશે.

સહી કરનારનું નામ તથા હોદ્દો : ..................................................

સંસ્થાનું નામ અને સિકકો : ..................................................

સંસ્થાનું સરનામુ/સિકકો : ..................................................

તારીખ--